# ‘યાદેં’ એક એવી ફિલ્મ જેમાં માત્ર એક જ એક્ટર!

મૂવિયાના

બોલિવૂડમાં તમે જોવો તો આપણને કેટલીક એવી ફિલ્મો જોવા મળે છે જે અલગ પ્રકારની હોય છે અને સૌથી વધુ એક્સપેરિમેન્ટ તો ફિલ્મોમાં જ થતા હોય છે. ૧૯૬૪ની ‘યાદેં’ - એવી ફિલ્મ જેમાં ફક્ત એક જ એક્ટર, એક સેટ હતો!

‘યાદેં’ ફિલ્મ તેના સમય કરતાં ઘણી આગળની એક અનોખી ફિલ્મ હતી.

આ ફિલ્મનું પ્રોડક્શન અને ડાયરેક્શન સુનીલ દત્ત દ્વારા કરવામાં આવ્યું હતું. રોમાંચક વાત એ છે કે આ ફિલ્મમાં ફક્ત એક જ એક્ટર હતા - સુનીલ દત્ત પોતે. ફિલ્મમાં એકમાત્ર અન્ય અભિનેતા દત્તની પત્ની નરગીસ છે જે અંતિમ સિનમાં ફક્ત પડછાયા તરીકે દેખાય છે.

આ ફિલ્મ પહેલીવાર ભારતીય અને વિશ્વ સિનેમાની એક પ્રકારની ફિલ્મ છે કારણ કે તેમાં ફક્ત એક જ એક્ટર છે અને તેથી તેને ગિનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સમાં કથાત્મક ફિલ્મમાં સૌથી ઓછા કલાકારોની શ્રેણીમાં પ્રવેશ મળ્યો છે.

‘પડોસન’ જેવી ફિલ્મોમાં ભોળા રહેવાથી લઈને ‘મધર ઈન્ડિયા’માં નેગેટિવ રોલ અદા કરવા સુધી, ભારતને હંમેશા સુનીલ દત્ત પર ગર્વ રહેશે.

ભારતની ક્લાસિક ફિલ્મોમાંની એક ‘મધર ઈન્ડિયા’થી ફેમ મેળવનાર સુનીલ દત્તે હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ઘણું યોગદાન આપ્યું છે.

આ ફિલ્મને ‘નેરેટિવ ફિલ્મમાં સૌથી ઓછા એક્ટરો’ની કક્ષામાં વર્લ્ડ રેકોર્ડ બુકમાં શામેલ કરવામાં આવી હતી.

પરંતુ દુઃખની વાત છે કે ફિલ્મનું ખૂબ જ ઓછું ઈવેલ્યુએશન કરવામાં આવ્યું છે.

સુનીલ દત્તે કાલ્પનિક અભિવ્યક્તિઓના તેજસ્વી ઉપયોગ સાથે આ કાળા અને સફેદ ફિલ્મ કલા પ્રયોગની કલ્પના કરી હતી.


આ ફિલ્મ એક અનોખો એક્સપેરિમેન્ટ હતો અને તેના સમય કરતાં આગળ હતો કારણ કે તે એક મોનોલોગ પ્રકારનું નાટક પર ફિલ્મ બની હતી, જે સુનીલ દત્ત દ્વારા અદા કરવામાં આવ્યું હતું, જેમાં એક ચિંતિત અને પ્રેમાળ પતિનો રોલ હતો, જે એક દિવસ કામ પરથી પાછો ફરતી વખતે તેની પત્ની અને બાળકોને ઘરે ન જોઈને આશ્ચર્યચકિત થઈ જાય છે.

‘યાદેં’ ફિલ્મમાં બીજા કેરેક્ટરને બતાવવા માટે સ્પેશિયલ એલિમેન્ટસ્નો સહારો પણ લીધો હતો. અહીં સ્પેશિયલ ઈફેક્ટ્સની વાત નથી થઈ રહી, પણ અહીં ફિલ્મમાં બીજા કેરેક્ટરને બતાવવા માટે પડછાયાનો સહારો લીધો છે. એટલે કે નરગીસને સફેદ પડદાની પાછળ અને માત્ર કાળો-સફેદ સેડ જ બતાવવામાં આવ્યો છે.

આ આખી ફિલ્મનો સેટ કેવો હતો તો તમને જાણીને નવાઈ લાગશે કે એક જ નાનકડો સેટ એક જ જગ્યા પર આખી ફિલ્મ બની ગઈ!

‘યાદેં’ ફિલ્મમાં હીરો ફક્ત એક જ સેટ પર લગભગ બે કલાકના સમયગાળા દરમિયાન પોતાની જાત સાથે અને તેના કાલ્પનિક વ્યક્તિત્વ સાથે વાત કરે છે.






**‘યાદેં’ ફિલ્મમાં બીજા કેરેક્ટરને બતાવવા માટે સ્પેશિયલ એલિમેન્ટસ્નો સહારો પણ લીધો હતો. અહીં સ્પેશિયલ ઇફેક્ટ્સની વાત નથી થઇ રહી, પણ અહીં ફિલ્મમાં બીજા કેરેક્ટરને બતાવવા માટે પડછાયાનો સહારો લીધો છે. એટલે કે નરગીસને સફેદ પડદાની પાછળ અને માત્ર કાળો-સફેદ સેડ જ બતાવવામાં આવ્યો છે**

સુનીલ દત્તને ડાયરેક્શન પણ જે રીતે આપતા તે પણ જાણવા જેવું છે. બેકગ્રાઉન્ડ મ્યૂઝિક, ડિફ્રન્ટ-ડિફ્રન્ટ સાઉન્ડ્સ, ફોટોગ્રાફ્સ, કાર્ટૂન અને પડછાયાઓનો બુદ્ધિપૂર્વક ઉપયોગ કરીને ફિલ્મને એક કલાત્મક રીતે બનાવવામાં આવી હતી. આજે પણ ફિલ્મોમાં એક્સપેરિમેન્ટ તો થતા જ રહે છે અને આગળ પણ થવાના જ! પરંતુ જે રીતે માત્ર એક જ એક્ટરને લઈને જ્યારે ફિલ્મ બનાવવાનો નિર્ણય લેવામાં આવે છે ત્યારે ઘણી બધી મુશ્કેલીઓ પણ સાથે લાવે છે. તે તમામ મુશ્કેલીઓને ઈગ્નોર કરીને સુનીલ દત્તે ‘યાદેં’ ફિલ્મ બનાવી અને ગિનીસ વર્ડ રેકોર્ડ મેળવી ગઈ!

# નાનાની પંકજને ધમકી: ‘હવે આવા રોલ કરશે તો તને બહુ મારીશ’



**શૂટિંગ દરમિયાન નાના પાટેકર સેટ પર હતા. અચાનક તેમની નજર પડી પંકજ ત્રિપાઠી પર! પંકજ ફિલ્મમાં એક પોલીસ ઓફિસરનો ખૂબ જ નાનો રોલ કરી રહ્યા હતા, જેને બ્લિંક એન્ડ મિસ જેવો રોલ કહી શકાય. નાના પાટેકરને આ જોઈને આઘાત લાગ્યો. તેમણે તરત જ પંકજને પૂછ્યું, ‘પંકજ, તું અહીં શું કરી રહ્યો છે?’**

સ્ટારડમ



નાના પાટેકરે પંકજ ત્રિપાઠીને રજનીકાંતની ફિલ્મ ‘કાલા’માં નાનકડો રોલ કરવા બદલ ખરેખર ડાંટ લગાવી હતી અને કહ્યું હતું કે, ‘હવે આવું કર્યું તો બોવ મારીશ તને!’ આ વાત સાંભળીને તમને પણ હસવું આવશે અને થોડું આશ્ચર્ય પણ થશે.

પહેલા થોડું બેકગ્રાઉન્ડ સમજી લઈએ. ‘કાલા’ એ એક તમિલ સુપરહિટ ફિલ્મ હતી, જેમાં સાઉથ સુપરસ્ટાર રજનીકાંત અન્ના મુખ્ય ભૂમિકામાં હતા. આ ફિલ્મમાં રજનીકાંત મુંબઈના ધારાવી વિસ્તારના લોકોના નેતા તરીકે દેખાયા હતા. તેઓ પોતાની જમીન અને લોકોને બચાવવાની લડાઈ લડે છે. આ ફિલ્મમાં ખલનાયકનું રોલ ભજવ્યું હતું નાના પાટેકરે - એક રાજકારણી હરિદેવ અભયંકરનું, જે ખૂબ જ કઠોર અને દબાણ કરનારો હતો. ફિલ્મના ડાયરેક્ટર હતા પા. રંજીત અને તેમાં ઘણા સારા કલાકારો હતા.

હવે આવીએ મુખ્ય વાત પર. શૂટિંગ દરમિયાન નાના પાટેકર સેટ પર હતા. અચાનક તેમની નજર પડી પંકજ ત્રિપાઠી પર! પંકજ ફિલ્મમાં એક પોલીસ ઓફિસરનો ખૂબ જ નાનો રોલ કરી રહ્યા હતા, જેને બ્લિંક એન્ડ મિસ જેવો રોલ કહી શકાય. નાના પાટેકરને આ જોઈને આઘાત લાગ્યો. તેમણે તરત જ પંકજને પૂછ્યું, ‘પંકજ, તું અહીં શું કરી રહ્યો છે?’


પંકજે સરળતાથી જવાબ આપ્યો, ‘બસ એક નાનો અમસ્તો રોલ છે.’

નાનાએ ગુસ્સે થઈને કહ્યું, ‘તું આવા રોલ કેમ કરે છે? તું તો પહેલેથી જ ખૂબ મોટો અભિનેતા છે!’

પંકજે પોતાના પોઈન્ટ-ઓફ-વ્યૂ સમજાવતાં પ્રેમથી કહ્યું, ‘ના ના, આ રોલ મેં એટલાં માટે સ્વીકાર્યો છે કેમ કે ફિલ્મમાં તમે છો, અન્ના (રજનીકાંત) છે... તમારા જેવાં મોટા કલાકારો સાથે મારે કામ કરવું હતું.’

આ સાંભળીને નાના પાટેકરે ખૂબ પ્રેમ અને સખ્તાઈથી કહ્યું, ‘તું ખૂબ મોટો એક્ટર છે. અમારી સાથે કામ કરીને તું મોટો નહીં થાય - તું તો પહેલેથી જ મોટો છે! હવે જો ક્યારેય આવા નાના રોલ કર્યા તો હું તને બોવ મારીશ!’ આ વાત નાના પાટેકરે તાજેતરમાં એક ઈન્ટરવ્યૂમાં શેર કરી હતી. તેમણે કહ્યું કે અભિનેતાઓએ પોતાની કિંમત સમજવી જોઈએ. જો તમારામાં ટેલન્ટ છે તો નાના-નાના રોલમાં નહીં પડવું જોઈએ, કારણ કે તે તમારી કેપેબ્લિટીને ઓછી કરી નાખે છે. નાના પાટેકરની આ વાતમાં એક પિતા જેવી કાળજી છે, જે પોતાના નાના ભાઈને સમજાવે છે કે તું આટલો સારો છે, તો ઓછું કેમ સ્વીકારે છે?

પંકજ ત્રિપાઠી તો આજે બોલિવૂડના સૌથી લોકપ્રિય અભિનેતાઓમાંના એક છે. ‘મિર્ઝાપુર’માં કલીન ભૈયા તરીકે તેમણે દરેકના દિલ જીતી લીધા. ‘સ્ત્રી’ સિરીઝ, ‘મિમી’, ‘ન્યૂટન’, ‘ગેંગ્સ ઓફ વાસેપુર’ જેવી ફિલ્મોમાં તેમનું અભિનય અદ્ભુત રહ્યું છે. તેમની એક્ટિંગમાં એવી ઊંડાઈ છે કે નાના રોલમાં પણ તેઓ ચમકી ઉઠે છે. પરંતુ તે સમયે ‘કાલા’માં તેમણે આ નાનો રોલ માત્ર એટલા માટે લીધો કારણ કે તેઓ રજનીકાંત અને નાના પાટેકર જેવા મહાન કલાકારો સાથે કામ કરવા માંગતા હતા. આ તેમની નમ્રતા અને શીખવાની ભાવના દેખાડે છે.



# ‘ગોલ્ડન ગર્લ’ આશા પારેખ!

ઓલ્ડ સ્પાઇસ

હિન્દી સિનેમાના ‘ગોલ્ડન ગર્લ’ તરીકે જાણીતા આશા પારેખે દાયકાઓ સુધી બોક્સ ઓફિસ પર રાજ કર્યું છે. તેમની સુંદરતા, નૃત્ય અને એક્ટિંગના લાખો ચાહકો છે, પરંતુ તેમના જીવનમાં કેટલીક એવી ઘટનાઓ અને કિસ્સાઓ છે જે સામાન્ય રીતે લોકો જાણતા નથી હોતા. આ કિસ્સાઓ માત્ર તેમના સંઘર્ષની જ નહીં, પણ તેમના મક્કમ વ્યક્તિત્વની પણ ઓળખ આપે છે.

1960 અને 70ના દાયકાની આ ‘હિટ ગર્લ’એ પડદા પર અનેક સફળ ફિલ્મો આપી છે. પરંતુ, અહીં આશા પારેખના જીવનના એવા પાસાઓ પર પ્રકાશ પાડવામાં આવ્યો છે જે તેમના વ્યવસાયિક જીવનમાં ‘અધૂરા’ રહી ગયા હતા. આ લેખમાં આપણે સત્યજીત રેથી લઈને રાજ કપૂર અને દિલીપ કુમાર જેવા દિગ્ગજો સાથે કામ ન કરી શકવાના તેમના અફસોસ વિશે જાણીશું.

વિશ્વવિખ્યાત ડિરેક્ટર સત્યજીત રેએ એકવાર દાર્જિલિંગની એક દુકાનમાં આશા પારેખનો ફોટો જોયો હતો અને તેમનાથી પ્રભાવિત થયા હતા. સત્યજીત રેએ આશાજીનો સંપર્ક કર્યો અને તેમને તેમની ફિલ્મ ‘કાંચનજંઘા’ (1962) માટે ઓફર આપી. આશા પારેખ આ ઓફરથી ખૂબ જ ઉત્સાહિત હતા, પરંતુ સત્યજીત રેને શૂટિંગ માટે સતત એક મહિનાની તારીખ જોઈતી હતી. તે સમયે આશાજી ઘણી હિન્દી ફિલ્મોમાં બીજી હોવાથી ડેટ આપી શક્યા નહીં. પરિણામે, એક મહાન ડિરેક્ટર સાથે કામ કરવાની તક તેમના હાથમાંથી સરી ગઈ, જેનો અફસોસ તેમને આજે પણ છે.

બંગાળી સિનેમાના સુપરસ્ટાર ઉત્તમ કુમાર સાથે આશા પારેખ એક હિન્દી ફિલ્મ કરી રહ્યાં હતાં, પરંતુ આર્થિક મુશ્કેલીઓને કારણે તે ફિલ્મ ત્રણ-ચાર દિવસના શૂટિંગ બાદ બંધ થઈ ગઈ. તેવી જ રીતે, દિલીપ કુમાર સાથે કામ કરવાની તેમની તીવ્ર ઈચ્છા હતી. 1979માં નાસિર હુસૈનની ફિલ્મ ‘જબરદસ્ત’માં તેઓ દિલીપ કુમારની પત્ની તરીકે સિલેક્ટ થયાં હતાં, પરંતુ સ્ક્રિપ્ટમાં ફેરફારને કારણે તે ફિલ્મ પણ અટકી ગઈ. અગાઉ તેમને બી.આર. ચોપરાની ફિલ્મ ‘દાસ્તાન’માં પણ તક મળી હતી, પરંતુ નેગેટિવ (વેમ્પ) રોલ હોવાને કારણે આશાએ ફિલ્મ રિજેક્ટ કરી હતી.

આશા પારેખ બાળપણથી જ રાજ કપૂરના પ્રશંસક હતા. 1983માં ‘ચોર મંડળી’ નામની ફિલ્મમાં તેમને રાજ કપૂર સાથે કામ કરવાની તક મળી હતી, પરંતુ પ્રોડક્શનની સમસ્યાઓને કારણે આ ફિલ્મ ક્યારેય રિલીઝ થઈ શકી નહીં. બીજી તરફ, ‘મુગલ-એ-આઝમ’ ફેમ કે. આસિફ તેમની ફિલ્મ ‘સસ્તા ખૂન મહેંગા પાની’ (1964) માટે આશાજીને લેવા માંગતા હતા. પરંતુ આશા પારેખની મમ્મી અને કે. આસિફ વચ્ચે થયેલી એક નાની ગેરસમજને કારણે આ તક પણ હાથમાંથી જતી રહી. યશ ચોપરાએ તેમને ક્લાસિક ફિલ્મ ‘વક્ત’માં એક રોલ ઓફર કર્યો હતો. જોકે, આ ફિલ્મમાં સાધના મુખ્ય હિરોઈન તરીકે પહેલાથી જ સાઈન થઈ ચૂક્યા હતા. આશા પારેખ તે સમયે ટોચની એક્ટ્રેસ હતા અને તેઓ સાધના કરતા ઓછું મહત્ત્વ ધરાવતો રોલ કરવા માંગતા ન હતા, તેથી તેમણે આ ફિલ્મ નકારી દીધી. પાછળથી તે રોલ શર્મિલા ટાગોરે કર્યો હતો.

સફળતાના શિખરે હોવા છતાં, ક્યારેક સમય અને સંજોગોને કારણે કેટલીક ઈચ્છાઓ અધૂરી રહી જતી હોય છે. આશા પારેખનું જીવન માત્ર ગ્લેમર જ નહીં, પણ આવા અનેક કડવા-મીઠા અનુભવોથી ભરેલું છે.

આ કિસ્સાઓ દર્શાવે છે કે બોલિવૂડમાં સફળતાની સાથે સાથે અનેક ગુમાવેલી તકો અને ‘શું હોઈ શક્યું હોત’ (What if) ના સવાલો પણ જોડાયેલા હોય છે.

આશા પારેખે આ તમામ બાબતોને ખૂબ જ સન્માનપૂર્વક સ્વીકારી અને પોતાની રીતે સિનેમાના ઈતિહાસમાં અમર સ્થાન બનાવ્યું.